

# સાવધાન! તમે પણ બાળકની તસવીર

# સોશ્યલ મીડિયા પર શેર કરો છો?

આજકાલ સ્માર્ટ ફોન અને સોશ્યલ મીડિયા આપણી જિંદગીનો મહત્ત્વનો ભાગ બની ગયાં છે. મોટા ભાગનાં લોકો દરેક નાનીમોટી ખુશી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે વ્હોટ્સએપ પર શેર કરે છે. તેમને લાગે છે કે તેઓ ખુશી વહેંચી રહ્યા છે પરંતુ શું તમને ખબર છે કે તમારી આ નાની સરખી પોસ્ટ તમારા બાળકના ભવિષ્યને જોખમમાં મૂકી શકે છે? હા, ઈન્ટરનેટની દુનિયા જેટલી રંગીન દેખાય છે એટલી જ અંધારી પણ છે. આજના ડિજિટલ યુગમાં જેવો ઘરમાં નવો મહેમાન આવે છે ખુશીઓની સાથે સાથે સ્માર્ટફોનનો કેમેરા પણ ઓન થઈ જાય છે. બાળકની પહેલી મુસ્કાનથી માંડી એના પહેલા કદમ સુધી બધું જ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર લાઈવ થઈ જાય છે. એને જ આજકાલની ભાષામાં 'શેયરેંટિંગ' (Sharenting) કહેવાય છે એટલે કે 'શેયરિંગ' અને પેરેન્ટિંગ' નું મિક્સ રૂપ. તમને લાગે છે કે તમે તમારી ખુશી સગાંઓ સાથે વહેંચી રહ્યા છો પરંતુ સોશ્યલ મીડિયા પર બાળકનો ફોટો મૂકવો જેટલું માસૂમ દેખાય છે એટલું છે નહીં. સોશ્યલ મીડિયા પર અસંખ્ય લાઈક્સ અને કમેન્ટ્સના ચક્કરમાં આપણે અજાણતાં બાળકની એ જાણકારી શેર કરીએ છીએ જે આપણે શેર નહોતી કરવી જોઈતી.

આપણે કેટલાં સારાં માતાપિતા છીએ, અમારું પેરેન્ટિંગ અન્યોથી હટકે છે એ દર્શાવવા બાળક સાથે વિતાવેલી દરેક ક્ષણને કેપ્ચર કરી સોશ્યલ મીડિયા પર શેર કરીએ છીએ. ઘણી વાર તો લોકો લાઈક ન કરે કે બર્થ ડે વિશ ન કરે તો આપણે નારાજ પણ થઈ જઈએ છીએ પરંતુ શું તમે કદી વિચાર્યું છે કે બાળકની તસવીર સોશ્યલ મીડિયા પર શેર કર્યા બાદ એની સાથે શું થઈ શકે છે, ભલે તમે એને તમારા ગૂગલ એકાઉન્ટ પરથી ડીલીટ કરી દો. જેમ જેમ ટેક્નોલોજી વિકસિત થતી જાય છે આપણા પડકારો પણ વધતાં જાય છે. બાળકની તસવીરનો દુરુપયોગ, ઓળખની ચોરી, સાઈબર બુલિઈંગ અને પ્રીડેટર્સ દ્વારા બાળકને નિશાન બનાવવાનું જોખમ રહે છે. એક વાર પોસ્ટ કરેલી તસવીર હંમેશાં માટે ઈન્ટરનેટનો ભાગ બની જાય છે જે ભવિષ્યમાં એના ડિજિટલ ફૂટપ્રિન્ટને પ્રભાવિત કરી શકે છે.



**બાળકની તસવીર શા માટે સોશ્યલ મીડિયા પર શેર ન કરવી જોઈએ?**

**ડિજિટલ કિડનેપિંગ**

આ શબ્દ સાંભળવામાં ફિલ્મી લાગી શકે છે પરંતુ એ હકીકત છે, આજના સમયમાં ડિજિટલ કિડનેપિંગ એક કડવી સચ્ચાઈ છે. એમાં અપરાધી તમારા સંતાનનો ફોટો ચોરી સોશ્યલ મીડિયા પર પોતાનો બતાવી રજૂ કરી શકે છે. તેઓ આ તસવીરોનો ઉપયોગ ખોટી ઓળખ ઊભી કરવા, ફેક ID બનાવવા કે ડાર્ક વેબ જેવી ખતરનાક જગ્યાએ કરી શકે છે. તમારી એક પોસ્ટ કોઈને તમારા બાળકની આખી લાઈફનું એક્સેસ આપી દે છે.

**લોકેશન અને સુરક્ષામાં ચૂક**

**ફોટો પોસ્ટ કરતી વખતે આપણે મોટા ભાગે બેકગ્રાઉન્ડનું ધ્યાન રાખતાં નથી. સ્કૂલનો યુનિફોર્મ, ઘર પાસેનો કોઈ પાર્ક કે ચેક ઈન લોકેશન અપરાધીઓને એ બતાવવા માટે પૂરતું છે કે તમારું સંતાન કયા સમયે ક્યાં છે. 'પીડોફાઈલ્સ' (બાળ યૌન અપરાધી) આવી જ જાણકારીની શોધમાં રહે છે. તમારી એક 'લોકેશન ટેગ' વાળી તસવીર બાળકને ફિઝિકલ જોખમમાં મૂકી શકે છે.**

**ડિજિટલ ઓળખ**

દરેક બાળકને એ મોટો થઈ ઈન્ટરનેટ પર કેવો દેખાય તે નક્કી કરવાનો હક છે. આજે તમે એનો કોઈ એવો ફોટો મૂક્યો જે તમને ક્યુટ લાગે છે દા.ત. નહાતા કે રડતાં પરંતુ ૧૫-૨૦ વર્ષ બાદ જ્યારે એ બાળક મોટું થશે તો એ જ ફોટો એને માટે ઘણી વાર શરમનું કારણ પણ બની શકે છે.

**ડેટા માઈનિંગ અને AI નો ડર**

આજકાલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ - AI નો જમાનો છે. શરારતી તત્ત્વો તમારા સંતાનના માસૂમ ફોટાનો ઉપયોગ 'ડીપ ફેક' વિડિયો કે આપત્તિજનક કન્ટેન્ટ બનાવવામાં કરી શકે છે.

આ ઉપરાંત, મોટી કંપનીઓ બાળકના ડેટાને ટ્રેક કરે છે જેથી બાળપણથી જ જાહેરાતનું ટાર્ગેટ બનાવી શકાય.

**ડાર્ક વેબ**

બાળકોની માસૂમ તસવીરો મોટા ભાગે ખોટી સાઈટ્સ કે ડાર્ક વેબ પર વેચી દેવાય છે. ત્યાં બેઠેલા અપરાધી આ તસવીરો સાથે છેડછાડ કરી શકે છે અને એનો ઉપયોગ ગંદાં કામોમાં પણ કરી શકે છે.

**ઓળખની ચોરી**

તમે ફોટા સાથે બાળકનું નામ, બર્થ ડે અને શહેર પણ લખો છો. આ બેઝિક જાણકારીનો કોઈકનું બેંક એકાઉન્ટ હેક કરવા કે બનાવટી ઓળખપત્ર બનાવવા માટે ઉપયોગ થઈ શકે છે.

**માનસિક સ્વાસ્થ્ય અને સરખામણી**

શેયરેંટિંગની અસર માત્ર સુરક્ષા પર જ નહીં પરંતુ બાળકના મગજ પર પણ પડે છે. જ્યારે બાળક જુએ છે કે તેની દરેક વાત પર 'લાઈક્સ' અને 'કમેન્ટ' મળે છે તો એ પોતાની વેલ્યુ સોશ્યલ મીડિયા દ્વારા આંકવા માંડે છે. એનાથી એનામાં 'વેલિડેશન' ની ભૂખ વધતી જાય છે અને એ અસલ જિંદગીથી વધારે વર્ચ્યુઅલ દુનિયાને મહત્ત્વ આપવા માંડે છે. સોશ્યલ મીડિયા પરની તસવીર પર ક્યારેક લોકો ગંદી કમેન્ટ્સ પણ કરે છે જેનાથી બાળક ઘણી વાર માનસિક તનાવ અનુભવી શકે છે.

**પ્રાઈવસીનો અંત અને ભવિષ્યનું જોખમ**

જ્યારે તમે સંતાનની બધી એક્ટિવિટી ઓનલાઈન શેર કરો છો ત્યારે તમે અજાણતાં એની એક 'ડિજિટલ ફૂટપ્રિન્ટ' તૈયાર કરી રહ્યાં હો છો. બાળક જ્યારે મોટું થાય ત્યારે કદાચ એને પસંદ ન પડે કે એની બાળપણની તસવીર દુનિયાએ જોઈ હોય. એ ભવિષ્યમાં એની સામાજિક પ્રતિભાને પણ પ્રભાવિત કરી શકે છે. યાદ રાખો ઈન્ટરનેટ પરથી કંઈ પણ પૂરી રીતે કદી ડિલીટ થતું નથી.

**કેવી રીતે રહેશો સાવધાન?**

**પ્રાઈવસી સેટિંગ્સ**

હંમેશાં પોતાનું પ્રોફાઈલ 'પ્રાઈવેટ' જ રાખો. માત્ર ભરોસાપાત્ર લોકો સાથે જ પોસ્ટ શેર કરો.

**ચહેરો છુપાવો**

ફોટો મૂકતી વખતે બાળકનો ચહેરો ઈમોજીથી ઢાંકી દો અથવા માત્ર પાછળથી ફોટો લો.

**લોકેશન ન મૂકો**

બાળકની સ્કૂલ, ઘરનું એડ્રેસ કે રૂટિન જાણકારી શેર ન કરો.

**સંમતિ લો**

જેમ જેમ બાળક મોટું અને સમજદાર થતું જાય તો એની સંમતિ લઈને જ એનો ફોટો શેર કરો.

યાદ રાખો કે સોશ્યલ મીડિયા પર યાદો શેર કરવી ખોટું નથી પરંતુ સાવધાની સૌથી મોટી સુરક્ષા છે. પોસ્ટ બટન દબાવતાં પહેલાં એક વાર જરૂર વિચારો કે શું આ તમારા સંતાન માટે સલામત છે?

**યાદ રાખો કે સોશ્યલ મીડિયા પર યાદો શેર કરવી ખોટું નથી પરંતુ સાવધાની સૌથી મોટી સુરક્ષા છે. પોસ્ટ બટન દબાવતાં પહેલાં એક વાર જરૂર વિચારો કે શું આ તમારા સંતાન માટે સલામત છે?**

